# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

| અનુ | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજનાનું નામ/ પ્રકાર | કસ્તુરબા પોષણ સહાય યોજના |
| ૨ | યોજના શરુ થયાનું વર્ષ | ૨૦૧૧-૧૨ |
| ૩ | યોજનાનું નાણાંકીય સ્ત્રોત | ગુજરાત રાજ્ય |
| ૪ | યોજનામાં છેલ્લે કયારે સુધારો કરવામાં આવ્યો ? | - |
| ૫ | યોજનાના લાભાર્થીની પાત્રતાના માપદંડ | ગરીબી રેખા હેઠળની સગર્ભા માતાઓ તથા શહેરી વિભાગ ધ્વારા જાહેર કરાયેલ ગરીબી રેખા હેઠળ ના કુટુંબો ની સગર્ભા માતાઓ |
| ૬ | યોજના અંતર્ગત સહાય / લાભ | 1. સગર્ભાવસ્થામાં, પ્રથમ ત્રિમાસિક ગાળામાં **મમતા દિવસે નોંધણી કરાવવાથી રૂ.૭૦૦/- ની સહાય.**<br>2. **સરકારી દવાખાનામાં અથવા ચિરંજીવી યોજના** અંતર્ગત **સુવાવડના પ્રથમ** અઠવાડિયામાં **રૂ.૭૦૦/- ની સહાય.**<br>3. બાળકની માતાને પોષણ સહાય રૂપે **બાળકના જન્મ બાદના ૯ મહિના પછી અને ૧૨ મહિના પહેલા** મમતા દિવસે ઓરીની રસી સાથે વિટામીન - એ આપ્યા બાદ અને સંપૂર્ણ રસીકરણ પૂર્ણ થયા બાદ **રૂ. ૭૦૦ ની સહાય..**<br>આમ, **કુલ રૂ. ૨૧૦૦/- ની સહાય દરેક લાભાર્થી માતાને મળશે.** |
| ૭ | યોજનાનો લાભ મેળવવા માટેની પધ્ધતિ | 1. લાભાર્થી એ મમતા દિવસે સગર્ભાવસ્થાના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એફ.એચ. ડબ્લ્યુ. પાસે નોંધણી કરાવવાથી પ્રથમ હપ્તો |

| | | |
|---|---|---|
| | | મળવાપાત્ર થશે.<br>2. ગરીબી રેખા હેઠળ ની સગર્ભા માતાએ સુવાવડ સરકારી દવાખાના અથવા ચિરંજીવી યોજના હેઠળના દવાખાનામાં કરાવવાથી બીજો હપ્તો મળવાપાત્ર થશે.<br>3. ગરીબી રેખા હેઠળની માતાના બાળકને બાળકના જન્મ બાદ ના ૯ માસ પછી અને ૧૨ મહિના પહેલા મમતા દિવસે ઓરીની રસી  સાથે વિટામીન - એ આપ્યા બાદ અને સંપુર્ણ રસીકરણ પુર્ણ કરાવ્યા બાદ ત્રીજો હપ્તો મળવાપાત્ર થશે. |
| ૮ | યોજનાનો લાભ કયાંથી મળશે. | નાણા સીધા લાભાર્થીના બેંક ખાતામાં/ પોસ્ટ ઓફિસ ખાતામાં જમા થશે. |